**બિડાણ:-** નાયબ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૦૮/૨૦૨૬ના પત્ર ક્રમાંક:RD/LAQ/e-file/15/2026/7802/GH

**વિષય:- જમીન સંપાદન કાર્યવાહીની મહેસૂલી રેકર્ડમાં અસર આપવા બાબત.**

---

**જા.નં.નકૃયુ/રજી/લીગલ/**૬૯૨૧-૯૭૧**/૨૦૨૬** **તા.**૧૭**/૦૮/૨૦૨૬**

**સામેલ:-** બિડાણ

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ/અધિકારીશ્રીઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

જમીન
સંપાદન
કાર્યવાહીની
મહેસૂલી
રેકર્ડમાં
અસર
આપવા
બાબત.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ.

પરિપત્ર ક્રમાંક: RD/LAQ/e-file/15/2026/7802/GH

સચિવાલય, ગાંધીનગર

તા.

સંદર્ભ:

(૧) મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંક: હકપ/૧૦૨૦૦૩/૨૭૨૭/જ, તા. ૦૧/૧૨/૨૦૦૩

(૨) મહેસૂલ વિભાગનો પત્ર ક્રમાંક: RD/MSC/e-file/15/2023/12054/CH , તા. ૨૮/૧૦/૨૦૨૩

આમુખ:

રાજ્ય સરકાર દ્વારા જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ હેઠળ તેમજ કેન્દ્ર સરકાર દ્વારા પ્રવર્તમાન જુદા જુદા અન્ય જમીન સંપાદનના કાયદા હેઠળ જમીન સંપાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

ઉક્ત સંદર્ભ દર્શિત ક્રમાંક ૧ અને ૨ થી સુચનાઓ આપવામાં આવેલ હોવા છતાં જમીન સંપાદનની કાર્યવાહી અંગેની મહેસૂલી રેકર્ડમાં નોંધ કરવામાં આવતી ન હોવાના કારણે સંપાદન હેઠળની જમીનોનું વેચાણ થઈ જવાના કિસ્સાઓ તેમજ સંપાદનની કાર્યવાહીમાં એવોર્ડ જાહેર કરીને સંપાદન હેઠળની જમીનનો કબજો લઈને રેકર્ડ દુરસ્તીની કાર્યવાહી કરેલ ન હોવાના કારણે ખાતેદારનું નામ કમી ન થવાના કારણે આવી જમીનોનું વેચાણ થઈ જવાના કિસ્સાઓ સરકારશ્રીના ધ્યાને આવેલ છે.

આથી ઉક્ત પરિસ્થિતિ ન ઉદભવે તે માટે જમીન સંપાદન કાર્યવાહીની મહેસૂલી રેકર્ડમાં અસર આપવા અંગે નીચે મુજબની સુચના પરિપત્રિત કરવામાં આવે છે.

પરિપત્ર:

૧. જમીન સંપાદન,પુન:સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ની કલમ-૧૧(૧) હેઠળનું પ્રાથમિક જાહેરનામા અને કલમ-૧૯(૧) હેઠળના આખરી જાહેરનામાની પ્રસિદ્ધિ થયા બાદ તેની નોંધ ૭/૧૨ના ઉતારામાં બીજા હક્કમાં કરવી.

૨. ઉપરોક્ત અધિનિયમ, ૨૦૧૩ની કલમ-૨૩ હેઠળ એવોર્ડ જાહેર કર્યા બાદ જમીનનો કબજો લેવામાં આવે તે જમીનના મહેસૂલી રેકર્ડની દુરસ્તીની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારૂ એવોર્ડની નકલ સબંધીત મામલતદાર, ડી.આઈ.એલ.આર. તેમજ તલાટીને મોકલીને ડી.આઈ.એલ.આર. કચેરી રેકર્ડમાં દુરસ્તી કરાવી, કમી જાસ્તી પત્રકની અસર ગામ નમુના નં. ૭/૧૨ અને ૬માં થાય તે સુનિશ્ચિત કરવું.

૩. રાજ્યમાં પ્રવર્તમાન અન્ય સંપાદનના કાયદા દ્વારા જમીન સંપાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોવાથી તેવા કિસ્સામાં જે તે કાયદા હેઠળના પ્રાથમિક જાહેરનામાની પ્રસિદ્ધિ બાદ તેની નોંધ ૭/૧૨ના ઉતારામાં બીજા હક્કમાં કરવી અને એવોર્ડ જાહેર કર્યા બાદ જમીનનો કબજો લઈને ઉપર જણાવ્યા મુજબની દુરસ્તીની કાર્યવાહી હાથ ધરવી.

૪. ઉક્ત તમામ કિસ્સાઓમાં મહેસૂલી રેકર્ડની દુરસ્તીની કાર્યવાહી થયા બાદ સંપાદક સંસ્થાનું નામ મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

| PRINCIPAL SECRETARY, AGRI |
|---|
| NO.: 3225 |
| DT.: 10/08/26 |

(ડી.બી. નિમાવત)

DS (Coordi.)

Signature Not Verified
Signed by : DINESH NIMAVAT
Deputy Secretary InCharge
Revenue Department
Date : 2026.08.06 18:29:35 IST

DySO-NT 11/08/26

File No: RD/LAQ/e-file/15/2026/7802/GH (Land Aq)
Approved By: Deputy Secretary InCharge (Land Acquisition),RD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Scanned with OKEN Scanner

નાયબ સચિવ

મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.), મહેસૂલ વિભાગના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ તપાસણી કમિશ્નર અને હોદ્દાની રૂએ સચિવશ્રી, મહેસૂલ વિભાગના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે કલેક્ટરશ્રી/ અધિક કલેક્ટરશ્રીઓ..
- સર્વે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી/ સર્વે પ્રાંત અધિકારીશ્રી.(કલેક્ટર કચેરી મારફત)
- સર્વે ખાસ ફરજ પરના અધિકારીશ્રી, જી.આઈ.ડી.સી.(કલેક્ટર કચેરી મારફત)
- સીઆઇઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ પરિપત્રની નકલ વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- એવોર્ડ શાખા, મહેસૂલ વિભાગ.
- ધ-૧,ચ, ચ-૧ અને જ શાખા, મહેસૂલ વિભાગ.
- ના.સે.અ. સીલેક્ટ ફાઈલ.
- સીલેક્ટ ફાઇલ.

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૨૬૦૧
14 AUG 2026
એડીએમ-૩ શાખા

Signature Not Verified
Signed by : DINESH NIMAVAT
Deputy Secretary InCharge
Revenue Department
Date 2026.08.06 18:29:35 IST

File No: RD/LAQ/e-file/15/2026/7802/GH (Land Aq)
Approved By: Deputy Secretary InCharge (Land Acquisition),RD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Scanned with OKEN Scanner